# કોરોના વિસ્તર્યો : શહેરમાં ૯ કેસ ગ્રામ્યમાં ૭ કેસ નોંધાયા

## ગાંધીનગર ગ્રામ્યમાં પાંચ કેસ : કલોલમાં બે કેસ નોંધાયા : સુઘડમાં બે કેસ ઉપરાંત કુડાસણ, પેથાપુર, રાંદેસણ, સે. ૨, ૩, ૬ અને ૨૩માં કેસો નોંધાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના ૯ અને ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજા દિવસે ૭ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૨.૯૦ ટકા થયો છે. ત્રણ ટકાથી પોઝીટીવીટી રેટ ઘટ્યો છે પરંતુ કોરોનાનો વ્યાપ વિસ્તર્યો છે. લોકલ ટ્રાન્સમિશન જે ઝડપથી આગળ વધી રહ્યુ છે તેને લઈ તંત્રની ચિંતા વધવા લાગી છે.

શહેર-જિલ્લામાં અગાઉની લ્હેર વખતે સંવેદનશીલ બનેલા વિસ્તારો ઉપરાંત આ વખતે અત્યાર સુધી શાંત જણાતા વિસ્તારોમાંથી પણ કેસો મળવાના શરૂ થયા છે. તંત્રએ ટેસ્ટીંગ, ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટ પરની રણનીતિ અપનાવી પરિસ્થિતિને નિયંત્રણમાં લેવાના પ્રયાસો શરૂ કરી દીધા છે.

શહેર-જિલ્લામાં જે ગતિએ કેસો મળી રહ્યા છે અને કોરોનાની ગાઈડલાઈનના પાલનમાં હજુ પણ લોકો બેદરકારી દાખવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે નવ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસોમાં ૭ મહિલા દર્દી છે. મહિલા દર્દીની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. ૬૦ થી વધુ વય ધરાવતા બે દર્દી નોંધાયા છે.

શહેરમાં આજે સુઘડમાં બે, કુડાસણ, પેથાપુર, રાંદેસણ, સે. ૨, ૩, ૨૩ અને સે. ૬માંથી કેસો મળ્યા છે.

સુઘડ ગામે ૩૭ વર્ષીય યુવક બે દિવસ પહેલાં બિહારથી આવ્યો છે અને તે સંક્રમિત હોવાનું જણાયુ છે. આ ઉપરાંત સુઘડમાં ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

કુડાસણમાં ૪૭ વર્ષીય મહિલા, પેથાપુરમાં ૪૦ વર્ષીય મહિલા, રાંદેસણમાં ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૩માં ૬૨ વર્ષીય પુરૂષનો, સે. ૨ માં ૧૮ વર્ષીય કિશોરી, સે. ૨૩માં ૪૦ વર્ષીય ગૃહીણી અને સે. ૬ માં ૪૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

આજે નોંધાયેલા કેસો સહિત શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૧૧૨ પર પહોંચી છે. કોરોનાના હળવા લક્ષણો હોવાથી હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે અને મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે. આજે નોંધાયેલા દર્દીઓએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગરમાં પાંચ કેસ અને કલોલમાં વધુ બે કેસ નોંધાયા છે. ત્રીજી લ્હેરમાં પણ આ બે તાલુકા સંવેદનશીલ રહ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસમાં ત્રણ મહિલા દર્દી છે. ગાંધીનગર તાલુકામાં સંવેદનશીલ રહેલા અડાલજમાંથી આજે ૩ કેસ મળ્યા છે. આ ઉપરાંત ઉવારસદ અને કરાઈ ગામેથી પણ કેસ મળી આવેલ છે. ઉવારસદ ગામે ૧૧ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

કલોલમાં અદાણી શાંતિગ્રામમાંથી વધુ એક તથા મોટી ભોંયણ ગામેથી એક ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસ સાથે ૫૮ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩૫૦૦ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

હોમ આઈસોલેશનમાં મોટા ભાગના દર્દીઓ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક તાકીદ કરી છે. શહેર-જિલ્લામાં સર્વેલન્સ પણ સઘન કરવાની સાથે ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કરવામાં આવેલ છે.

# મુખ્યમંત્રીએ વંદે ગુજરાત વિકાસ યાત્રાનું પ્રસ્થાન અમદાવાદમાં કરાવ્યું

## ચૂંટણી પહેલા લોકો સુધી પહોંચશે સરકાર : આ યાત્રા રાજ્યના ૩૩ જીલ્લાઓ, ૮ મહાનગર પાલિકાઓ અને તમામ ગામડા-વોર્ડમાં પરિભ્રમણ કરશે



અમદાવાદ, તા.૫

ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલા વિકાસ કાર્યોને પ્રજા સુધી પહોંચાડવાના આશય સાથે આજથી સમગ્ર રાજ્યમાં 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતેથી આ યાત્રાનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો છે અને જીલ્લા કક્ષાએ મંત્રી મંડળના સભ્યો સહિત પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આ યાત્રાનો શુભારંભ થયો છે. ૮૨ વંદે ગુજરાત વિકાસ રથ સાથે તા. ૫ થી ૧૯ જુલાઈ-૨૦૨૨ દરમિયાન યોજાનારી આ યાત્રા રાજયના ૩૩ જીલ્લાઓ, ૮ મહાનગર પાલિકાઓ અને તમામ ગામડા-વોર્ડમાં પરિભ્રમણ કરશે. જે અંતર્ગત રાજયભરમાં ૨૫૦૦ થી વધુ કાર્યક્રમો યોજાશે અને ૨૫ હજારથી વધુ નવા વિકાસ કાર્યોની ઘોષણા અને લોકાર્પણ કરાશે.

અમદાવાદમાં યાત્રાનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ કે, સ્વર્ણિમ ગુજરાતથી આત્મનિર્ભર ગુજરાત સુધીની યાત્રા આજથી શરૂ થઈ છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે મહાત્મા ગાંધી અને સરદાર પટેલે આપણને સ્વરાજ અપાવ્યું હતું. સુરાજ માટે પીએમ મોદી અને અમિત શાહ અથાગ પ્રયાસ કરી રહ્યાં છે. નરેન્દ્ર મોદીએ રાજ્યમાં દરેક ક્ષેત્રમાં પાયાથી ઈમારત સુધીના કાર્યો કર્યાં છે.

મંત્રી વાઘાણીએ ઉમેર્યુ કે, ગુજરાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને દોરવણી હેઠળ ગુજરાતે વિકાસના અનેક શિખરો સર કરી વિકાસની નવી કેડી કંડારી છે. જેના ઉપર ગુજરાત રાજ્ય વધુને વધુ પ્રગતિનાં સોપાન સર કરીને વિકાસની અનેક સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે. ગુજરાત રાજયમાં વિતેલા ૨૦ વર્ષમાં શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને સહકાર, પશુપાલન, સિંચાઈ, રસ્તા, વન

અને પર્યાવરણ, પીવાનું પાણી, ૨૪ કલાક વીજળી, વાહન વ્યવહાર, પ્રવાસન, મહિલા અને બાળ કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં સર્વાંગી વિકાસ થયો છે. વિકાસનાં મીઠાં ફળ ગુજરાતના જન જન સુધી પહોંચ્યાં છે. ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષમાં થયેલ વિકાસની ઝાંખી કરાવવા તથા જનકલ્યાણના વિવિધ કાર્યક્રમોની જનજન સુધી જાણકારી પૂરી પાડવાના હેતુથી રાજ્યવ્યાપી વંદે ગુજરાત વિકાસ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારની અનેક જન કલ્યાણકારી યોજનાઓની જાણકારી રાજ્યના તમામ નાગરિકોને એક જ સ્થળેથી મળી રહે તે માટે વંદે ગુજરાત વિકાસ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તે અંતર્ગત તા.૫-૭-૨૦૨૨ થી તા.૧૯.૭.૨૦૨૨ સુધીના ૧૫ દિવસ વંદે ગુજરાત વિકાસ યાત્રા રાજયભરમાં ૩૩ જિલ્લાઓ, ૮ મહાનગરો અને રાજ્યના તમામ ગામડાંઓ-વોર્ડને આવરી લેવાશે. આ વંદે ગુજરાત વિકાસ યાત્રા મહેસુલ, આરોગ્ય, કૃષિ, પશુપાલન, પંચાયત, પ્રવાસન, માહિતી, શિક્ષણ, સહકાર, મહિલા અને બાળ વિકાસ, પાણી પુરવઠો, આદિજાતિ, સામાજિક ન્યાય અધિકારીતા અને નાગરિક પુરવઠો સહિતના વિભાગો સહભાગી બન્યા છે.

આ વંદે ગુજરાત વિકાસ યાત્રાના માધ્યમથી અધતન ટેકનોલોજીથી સજ્જ રથના વિશાળ એલઈડી સ્ક્રીન ઉપર વીતેલા બે દાયકામાં વિવિધ ક્ષેત્રે હાંસલ થયેલ સિદ્ધિઓની અને વિકાસની હરણફાળના દર્શન કરાવતી રસપ્રદ ફિલ્મોનું નિદર્શન થશે.

# ગ્રામ સદભાવના વિકાસ યોજના અન્વયે ૩૦ નવી આંગણવાડી બાંધવામાં આવશે

## વિવિધ ગામોમાં પંચાયત ઘર, પ્રાથમિક શાળાઓનુ પણ સમારકામ હાથ ધરવામાં આવશે : આંગણવાડીઓમાં બાળકો માટે મનભાવન સજાવટ કરાશે

ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં શહેર સમકક્ષ માળખાગત સુવિધા ઉભી કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે. જયારે ગ્રામ સદભાવના વિકાસ યોજના અન્વયે પણ અનેકવિધ માળખાગત સુવિધાના કામો હાથ ધરવાનુ આયોજન કરાયુ છે. આ અન્વયે ગુડા દ્વારા ૩૦ નવી આંગણવાડીઓ સહીત અન્ય ૮૦ નુ નવિનીકરણ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત પંચાયત ઘરો અને પ્રાથમિક શાળાઓનુ પણ સમારકામ હાથ ધરવામાં આવશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૧.૫૦ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં માળખાગત સુવિધાઓને યોગ્ય કરવા માટે ગુડા દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જયારે ગ્રામ્ય સદભાવના વિકાસ યોજના અન્વયે પણ વિવિધ કામો હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. જે અન્વયે ૩૦ નવી આંગણવાડી બાંધવા તેમજ અન્ય ૮૦ નુ નવિનીકરણ કરવા માટે પણ નિર્ણય લેવાયો છે. જયારે ૩૦ પ્રાથમિક શાળા અને ૧૨ પંચાયત ઘરનુ સમારકામ કરીને પણ જરૂરી સુવિધા ઉભી કરવા માટે આયોજન કરાયુ છે. કોર્પોરેશનના હદ વિસ્તાર બાદ ગુડા હસ્તકના ૨૬ જેટલા ગામોમાં પણ શહેરની સમકક્ષ સુવિધા પુરી પાડવા માટે ખાનગી એજન્સીના દ્વારા સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. જયારે આ યોજના અન્વયે કુલ ૧૧.૫૦ કરોડનો ખર્ચ પ્રથમ તબક્કે કરવામાં આવશે. ગુડાના સુત્રોના જણાંવ્યા મુજબ આ યોજના અન્વયે આંગણવાડીને સુવિધાયુક્ત કરાશે. જયારે ગુડા વિસ્તારમાં સ્થિત ૧૨૦ આંગણવાડીઓ ધમધમતી થશે. જેમાં બાળકોનો કોલાહલ સંભળાશે. જયારે ગુડા દ્વારા નવી ૩૦ આંગણવાડીઓ પણ બાંધવામાં આવશે આ ઉપરાંત ૮૦ આંગણવાડીઓનુ નવિનીકરણ કરાશે જયારે આ આંગણવાડીઓની ડિઝાઈનને અનુલક્ષીને પણ બાળકોના ગમ અણગમાનો વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો છે. જયારે આ મુજબની સજાવટ પણ દિવાલો પર કરાશે. આ ઉપરાંત રમતગમતના સાધનો પણ મુકાશે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં સ્થિત ૩૦ પ્રાથમિક શાળાઓનુ નવિનીકરણ કરવામાં આવશે. જયારે જુદી જુદી શાળાઓમાં કામની જરૂરિયાત મુજબ આયોજન કરાશે અલબત્ત તે મુજબ જ કામ હાથ ધરાશે. જયારે દરેક શાળામાં બાળકો માટે પીવાના પાણીની વ્યવસ્થા , ટોયલેટ બ્લોકની સુવિધા પણ ઉભી કરાશે. આ માટે પણ તંત્ર દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવશે આ ઉપરાંત ગામનો વહીવટ જે ઠેકાણેથી થાય છે તેવા પંચાયત ઘરોનુ પણ નવિનીકરણ કરાશે જે અન્વયે ૧૨ પંચાયતર ઘરોને સમાવી લેવાશે. રૂપાલ વરદાયિની મંદિરને પ્રવાસન ધામ તરીકે વિકસવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે આ ગામમાં પણ જાહેર શૌચાલય ઉભુ કરાશે.

# ત્રણ કર્મચારીને બઢતી અને બે કર્માચારીની બદલી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કર્મચારીઓની બદલી-બઢતીનો દોર ચાલુ રહ્યો છે. આજે પંચાયતના ત્રણ કર્મચારીને બઢતી અને બે કર્મચારીની બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતમાં નાયબ ચીટનીસ તરીકે ફરજો બજાવતા જી.એમ. ડામોરને નાયબ તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી આપવામાં આવી છે. આ ઉપરાંત પંચાયત કર્મચારી મંડળના અગ્રણી પ્રકાશ ત્રિવેદીને નાયબ ચીટનીસ તરીકે બઢતી આપી મહેસુલ-૨ માં નિમણુંક આપવામાં આવી છે. જ્યારે માણસા તાલુકા પંચાયતમાં સીની. ક્લાર્ક તરીકે ફરજો બજાવતા મનહરભાઈ નાયકને જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં નાયબ ચીટનીસ તરીકે બઢતી આપી નિમણુંક કરવામાં આવી છે.

મહેકમ-૨ પર ફરજો બજાવતા નાયબ ચીટનીસ તરીકે ફરજો બજાવતા આર.એન. પરમારને મહેકમ-૨ અને મહેસુલ-૨માં ફરજો બજાવતા એ.એમ. શુકલને ખેતીવાડી શાખામાં બદલી કરવામાં આવી છે.

# 'ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ' રાજ્ય સરકાર શરૂ કરશે

## વિદ્યાર્થીઓ કરોડો રૂપિયાના ઈનામો જીતવા થઈ જાવ તૈયાર : ૧૭૦ વોર્ડનાં વિજેતા ઉમેદવારોને આશરે ૨૫ કરોડના ઈનામો તથા સ્ટડી ટૂર પ્રાપ્ત થશે

ગાંધીનગર, તા.૫

રાજ્ય સરકારે ગુજરાતના વિદ્યાર્થીઓ માટે મોટી જાહેરાત કરી છે. પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ કે, રાજ્યના ૨૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે ઐતિહાસિક મેગા ક્વિઝ કોમ્પીટીશન 'ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ'નું આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા.૭મી જુલાઈના રોજ દેશની સૌથી મોટી 'ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ'નુ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સાયન્સ સીટી, અમદાવાદ ખાતેથી લોન્ચિંગ કરવામાં આવશે.

મંત્રી જીતુભાઈ વાઘાણીએ ઉમેર્યુ કે, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આ મેગા ક્વિઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ક્વિઝ કોમ્પીટીશનમાં રાજ્યના ધોરણ ૯ થી ૧૨ અને કોલેજ, યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે અને તાલુકા, જિલ્લા તેમજ રાજય કક્ષા એમ તમામ સ્તરે વિજેતા થતા ઉમેદવારોને આકર્ષક ઈનામો અને તમામ સ્પર્ધકોને ગુજરાત સરકાર સ્તરે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે આ ક્વિઝ દરરોજ યોજાશે અને ૧૫ અઠવાડિયા સુધી સતત ચાલશે. આ ક્વિઝમાં વિધ્યાર્થીઓ ઉપરાંત રાજ્યના અભ્યાસ ન કરતા હોય તેવા સામાન્ય નાગરીકો પણ ભાગ લઈ શકશે જેને અલગ સ્વરૂપે પ્રોત્સાહિત કરાશે. ક્વિઝમાં પ્રતિ અઠવાડીયે ૨૫૨ તાલુકા-નગરપાલિકા, ૧૭૦ વોર્ડનાં વિજેતા ઉમેદવારોને રૂ.૧.૬૦ કરોડના ઈનામો મળી કુલ ૧૫ અઠવાડીયાના આશરે રૂ. ૨૫ કરોડના ઈનામો તથા સ્ટડી ટૂર પ્રાપ્ત થશે

તેમણે ઉમેર્યુ કે, 'ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ'માં અંદાજે ૨૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ ક્વિઝ્મા ભાગ લઈ શકે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં ઓનલાઈન ક્વિઝ તાલુકા-નગરપાલિકા/વોર્ડ કક્ષાએ, દ્વિતીય તબક્કામાં જિલ્લા-

મહાનગરપાલિકા કક્ષાએ તેમજ ત્રીજા અને અંતિમ તબક્કામાં ઓફલાઈન ક્વિઝ રાજ્ય કક્ષાએ યોજાશે.મંત્રીએ કહ્યુ કે, આ ક્વિઝ માટે હજારો પ્રશ્નો સમાવવામાં આવ્યા છે. જેમાં કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારની વિવિધ યોજનાઓ, યોજનાઓના મુખ્ય ઉદ્દેશ્યો, લાભાર્થીઓ, અત્યાર સુધી યોજનામાં હાંસલ કરેલ સિધ્ધિઓ, લાભાર્થીઓની સંખ્યા અને રકમ તથા વિદ્યાર્થીઓના અનુભવગત પ્રશ્નોને પણ આ ક્વિઝમાં સમાવવામાં આવશે. તે માટે પ્રશ્નબેંક સ્કુટીની કમિટીની પણ રચના કરવામાં આવી છે. આ ક્વિઝ અઠવાડીયામા દર રવિવારથી ચાલુ થઈને દર શુક્રવારે સમાપ્ત થશે અને દર શનિવારે વિજેતા જાહેર થશે.

દર અઠવાડિયે તાલુકા અને વોર્ડ કક્ષાના શાળા અને કોલેજ/ યુનિવર્સીટી વિભાગને પ્રતિ સ્પર્ધક દીઠ ક્વિઝનો સમયગાળો ૨૦ મિનીટનો અને કવીઝમાં ૨૦ ક્વિઝ રહેશે. દરરોજ ૨૫૦ ક્વિઝની ડિઝીટલ પુસ્તિકા સ્પર્ધકોને માર્ગદર્શિકા તરીકે ઓનલાઈન પ્રાપ્ત થશે.

# અદાણી યુનિવર્સિટીના યજમાનપદે વૈશ્વિક શિક્ષણ જાહેર ગોષ્ઠી સંપ્પન

## જાહેર ગોષ્ઠીમાં શૈક્ષણિક પરિવર્તન અને વૈશ્વિક સ્થિરતા પર શિક્ષણવિદોનું ચિંતન



અમદાવાદ, તા. ૫

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના આંરભ અગાઉ અદાણી યુનિવર્સિટીના યજમાનપદે તાજેતરમાં વૈશ્વિક શિક્ષણ ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણ સંબંધી નવા અભિગમો અને નવી પહેલોની આપ-લે કરવા માટેની આ વિચાર ગોષ્ઠી શૈક્ષણિક પરિવર્તન અને વૈશ્વિક સ્થિરતા પર આધારિત હતી. આ વિચાર ગોષ્ઠીમાં વિવિધ ક્ષેત્રોના જાણીતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદો અને ઉદ્યોગ નિષ્ણાતોને એક મંચ ઉપર હાજર રહીને શિક્ષણ માટે પરિવર્તન અને લાંબાગાળા માટેના પરિવર્તન વિષય અંતર્ગત વિચાર વિમર્શ કર્યો હતો.

અદાણી યુનિવર્સિટીના પ્રમુખ ડૉ. પ્રીતિ જી. અદાણીએ પ્રતિષ્ઠિત વક્તા પદ્મ વિભૂષણ, ડૉ. અનિલ કાકોડકર, યુનેસ્કોની અમેરીકા અને કેરેબિયનમાં ઉચ્ચ શિક્ષણની યુનેસ્કો ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટના ચીફ રિસર્ચ એન્ડ એનાલિસ્ટ ડૉ. વિકટોરિયા ગાલન મુરોસ, અદાણી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ.અરુણ શર્મા, અદાણી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ડૉ. એમ.મુરુગનંત, ખ્યાતનામ શિક્ષણવિદો, પેનલના સભ્યો, ઉદ્યોગ જગતના મહાનુભાવો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આ વિચાર ગોષ્ઠી ખુલ્લી મૂકી હતી.

પદ્મ વિભૂષણ, ડૉ. અનિલ કાકોડકરે ચર્ચાની શરૂઆત કરતા જણાવ્યું હતુ કે નવી ટેકનોલોજીનો વિકાસ નવા જ્ઞાનના સર્જન પર આધાર રાખે છે. તેથી સંશોધન અને વિકાસ જ્ઞાનના યુગનું મુખ્ય એન્જીન છે. કાર્યરત હોય એ જ્ઞાન જ જ્ઞાન પ્રદાન કરે છે. તેમણે ઉમેર્યું હતું કે જ્યારે આપણે ટકાઉ ધ્યેય વિશે વિચારીએ છીએ ત્યારે માત્ર યુનિવર્સિટી જ શોષણને દૂર કરી અને માનવ મૂલ્યોને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. અલબત્ત તે તકનીકી સશક્તિકરણ સાથે સુસંગત હોવું જોઈએ. અસમાનતા દૂર કરવાની ચાવી સમાન બધા માટે સુલભ ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરવાનો આપણે પ્રયાસ કરવો જોઈએ.

વિચારગોષ્ઠીના પ્રમુખપદેથી સંબોધતા અદાણી યુનિવર્સિટીના પ્રમુખ ડૉ. પ્રીતિ જી. અદાણીએ જણાવ્યું હતું કે ભારત વૈશ્વિક સપ્લાય ચેઈન્સના આંતરછેદ પર ઉત્પાદનનું હબ બનવા માટે વડા પ્રધાનના 'મેક ઈન ઈન્ડિયા' અને મેક ફોર ધ વર્લ્ડના વિઝનને વ્યાપક દ્રષ્ટીએ અનુરૂપ છે. આ ધ્યેયને હાંસલ કરવા આપણી માનવ મૂડીને શિક્ષિત કરવાની અને તેને નવા વ્યાવસાયિકોના ઘડતર સુધી વિસ્તારવાની ક્ષમતા સૌથી મહત્વની આવશ્યકતા હશે. આ પ્રોફેશનલ્સ સ્થિતિસ્થાપક, ઉદ્યોગસાહસિક અને અસ્થિર તેમજ અનિશ્ચિતતાના વાતાવરણ વચ્ચે વિશ્વમાં ખીલવા માટે તૈયાર છે. આપણે સહુ દઢપણે માનીએ છીએ કે રાષ્ટ્ર નિર્માણનું સૌથી મહત્વપૂર્ણ કાર્ય માનવ મૂડીનો વિકાસ છે અને અદાણી યુનિવર્સિટીની સ્થાપના અમને તે દીશામાં કાર્ય કરવા માટે એક અનન્ય તક પૂરી પાડે છે.

## ૬ ઉદ્યાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોંપી દેવાશે. ગુડાના સુત્રોમાંથી જાણવા મળતી માહીતી મુજબ નવા બગીચાઓની યોજના હાથ ધરવામાં આવનાર છે તેમાં અગાઉ ગુડાની હદમાં સ્થિત અને હવે મહાનગરપાલિની હદમાં આવતા કોબા , રાયસણને સમાવતી ટી પી સ્કીમ ૧ , કોબા કુડાસણને સમાવતા ટી પી સ્કીમ નં -૩ કુડાસણ ,સરગાસણ અને ધોળાકુવા વિસ્તારને સમાવતા ટી પી સ્કીમ નં ૬, સરગાસણ, કુડાસણ, પોરને સમાવતા ટી પી સ્કીમ નં -૭ ઉપરાંત ચિલોડા વિસ્તારને સમાવિષ્ટ કરતી ટી પી સ્કીમ નં -૧૭ ના વિસ્તારમાં ગુડાને કપાત જમીનના આધારે પ્લોટસ ઉપલબ્ધ થયા છે. જયારે આ પ્લોટમાં નવા બગીચાઓ બનાવામાં આવશે.

## યાત્રા અટકાવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૫૫ હજારથી વધારે શ્રદ્ધાળુઓએ યાત્રાના પાંચમા દિવસે ૩,૮૮૦ મીટરની ઊંચાઈ પર આવેલા બરફથી બનેલા શિવલિંગની પૂજા-અર્ચના કરી છે.

ખરાબ હવામાનના કારણે યાત્રાળુઓને અટકાવી દેવામાં આવ્યા છે. પહેલગામના નુનવાન બેઝ કેમ્પ પર ગુફા તરફ આગળ વધતા શ્રદ્ધાળુઓને રોકવામાં આવ્યા છે. અમરનાથની યાત્રા માટે આવેલા શ્રદ્ધાળુઓ માટે અહીં સમાજસેવી સંસ્થાઓ તથા સેના દ્વારા જરુરી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે કે જેથી શ્રદ્ધાળુઓને અડચણ ના પડે. વર્ષમાં એકવાર યોજાતી અમરનાથની યાત્રાની શરુઆત ગુરુવારે થઈ હતી, જેમાં પહેલો ૨,૭૫૦ શ્રદ્ધાળુઓનો જથ્થો બાબા અમરનાથના દર્શન માટે રવાના થયો હતો. અમરનાથ આવતા શ્રદ્ધાળુઓ અહીં દક્ષિણ કાશ્મીરમાં હિમાલયમાં આવેલી ગુફામાં બરફના સ્વયંભૂ બનતા શિવલિંગના દર્શન કરવા માટે આવે છે.

## ૧૦ રાજ્યમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમીરન પાંડાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું છે કે એક બાજુ વિદેશી વૈજ્ઞાનિક તેને લઈને ચિંતામાં છે. જ્યારે ભારતીય વૈજ્ઞાનિક કહે છે કે હાલ પેનિક બટન દબાવવું ઉતાવળ રહેશે. તેમણે કહ્યું કે નવા વેરિએન્ટનું મળી આવું એ અસમાન્ય નથી. જેમ જેમ વાયરસ સુસ્ત પડતો જશે વેરિએન્ટ સામે આવશે. તેમના જણાવ્યાં મુજબ મ્યૂટેશન થાય જ છે. તેને લઈને ચિંતિત થવું જોઈએ નહીં.

## સીજીઆઈને પત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અનુસાર હતી તો આદેશમાં તેમનો ઉલ્લેખ કેમ નથી. આદેશ અનુસાર તો લાગે છે કે નુપુર શર્માને ન્યાયિક રાહત મેળવવાના અધિકારની મનાઈ જ કરાઈ છે. આ બંધારણના મૂળભૂત સિદ્ધાંતો વિરુદ્ધ છે. કોર્ટની ટિપ્પણીઓથી એ છબી બની કે દેશમાં જે કંઈ થયુ તે માટે નુપુર શર્મા જ જવાબદાર છે. કોર્ટની સામે દાખલ અરજીમાં એ મુદ્દો જ નહોતો કે તેઓ દોષી છે કે નહીં પરંતુ કોર્ટે ટિપ્પણીઓ દ્વારા ટ્રાયલ પૂરી કર્યા વિના નિર્ણય સંભળાવી દીધો કે નુપુર શર્મા દોષી છે.

ન્યાયિક પ્રક્રિયા સાથે જોડાયેલા લોકો કોર્ટની ટિપ્પણીઓથી આઘાતમાં છે કેમ કે બેંચની ટિપ્પણીઓ અનુસાર તો એફઆઈઆર નોંધાયા બાદ ધરપકડ જરૂરી છે. એટલુ જ નહીં આ પત્રમાં બેંચની ટિપ્પણીઓને દુર્ભાગ્યપૂર્ણ અને ન્યાયિક સિસ્ટમ પર કલંક ગણાવાઈ છે. આ લોકતાંત્રિક મૂલ્યોને પણ નુકસાન પહોંચાડનારી છે. આને તેને અવગણી શકાય નહીં. આવી ટિપ્પણીઓ પાછી ખેંચી લેવી જોઈએ.


## કંપની સમાચાર

### ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા હાર્ટ ફેલ્યોર અવેરનેસ સિમ્પોઝિયમ

ઝાયડસ હોસ્પિટલ દ્વારા હૃદયની નિષ્ફળતાથી પીડાતા દર્દીઓ અને તેમના પરિવારો માટે સાર્વજનિક સિમ્પોઝિયમનું આયોજન કરવામાં આવ્યું હતું. માત્ર હૃદયની નિષ્ફળતા પુરતું મર્યાદિત ન હતું.

ઝાયડસ હોસ્પિટલ્સના હાઉસ ઓડિટોરિયમમાં આયોજિત આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ લોકોએ જાગૃતિ લાવવાના પ્રયાસરૂપે આ જાહેર પહેલમાં ઝાયડસ હોસ્પિટલના કાર્ડિયાક નિષ્ણાતો હૃદયની નિષ્ફળતાના લક્ષણો અંગે લોકો સાથે ચર્ચાઓ અને માર્ગદર્શન આપ્યું હતું.

- શ્વાસ લેવામાં તકલીફ
- વારંવાર થાક
- કસરત કરવાની ક્ષમતાનો ઘટાડો
- પગ અને પગની ઘૂંટીઓમાં સોજો
- વારંવાર પેશાબ કરવા માટે રાત્રે જાગવું
- ઈજેક્શન ફ્રેક્શન (એફએફ) ૪૦ ટકા કરતા ઓછુ

ડૉ. અભિષેક ત્રિપાઠી સિનિયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટે જણાવ્યું હતું કે "હૃદયની નિષ્ફળતાના દર્દીઓ પણ સામાન્ય જીવનની નજીક જીવી શકે છે, મહત્વની બાબત એ છે કે દર્દી અને તેમના પરિવારના સભ્યો આ સ્થિતિનું સંચાલન કરવામાં કેટલી સક્રિય રીતે પોતાની જાતને સામેલ કરે છે. જે જાણવું ખૂબ જ અગત્યનું છે તે હૃદયની કટોકટીના લક્ષણોને ચૂકી ન જવું અને યોગ્ય સમયસર સારવાર લેવી જરૂરી છે.

"મોટાભાગની હૃદયની નિષ્ફળતાઓને તબીબી રીતે નિયંત્રિત કરી શકાય છે, જો કે કેટલીક પરિસ્થિતિઓમાં કૃત્રિમ હૃદય અથવા હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ જેવા અદ્યતન સંચાલનની જરૂર છ" ડૉ. રાજેશ દેસાઈ, સિનિયર સીટીવીએસ સર્જનને જણાવ્યું હતું.

ડૉ. સુનિલ થાનવી, સિનિયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ એક મંત્ર આપ્યો કે 'હાર્ટ હેલ્થના એબીસીને અનુસરો - એ ફોર એવોઈડ માદક દ્રવ્યોના બચો - તમાકુ ટાળો, આલ્કોહોલ કોઈપણ વ્યસનમુક્ત પદાર્થને ટાળો, બી માટે સક્રિય રહો, વધુ સક્રિય જીવનશૈલી હૃદયના સારા સ્વાસ્થ્યને સુનિશ્ચિત કરે છે. તંદુરસ્ત આહારની આદતો પસંદ કરવા માટે સી."

ડૉ. કેતન વેકરિયા, કન્સલ્ટન્ટ કાર્ડિયોલોજિસ્ટ કહે છે કે 'હૃદયની નિષ્ફળતા એ ઘણા હૃદય રોગનો અંતિમ તબક્કો છે, આપણા માટે પરિસ્થિતિની ગંભીરતાને સમજવી અને જાગૃતિ ફેલાવીને અત્યારે જ કાર્ય કરવું મહત્વપૂર્ણ છે.'